# ફી નિયમન સમિતિ (ટેકનીકલ), ગુજરાત રાજ્ય

રૂમ નં. ૧૨૬, બીજો માળ, એસીપીસી બિલ્ડીંગ, એલ. ડી. કોલેજ ઓફ એન્જિનીયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ● Website: www.frctech.ac.in ● E-mail: frctechguj@gmail.com

## જાહેર નોટીસ

ફી નિયમન સમિતિ (ટેકનીકલ) દ્વારા ગુજરાત પ્રોફેશનલ ટેકનીકલ એજ્યુકેશનલ કોલેજીસ ઓર ઈન્સ્ટિટ્યુશન્સ (રેગ્યુલેશન ઓફ એડમિશન એન્ડ ફિક્સેશન ઓફ ફીસ) એક્ટ, ૨૦૦૭ અંતર્ગત ગુજરાત રાજ્યમાં સ્વનિર્ભર ધોરણે ચાલતાં વ્યાવસાયિક અભ્યાસક્રમોની શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માં પ્રવેશ મેળવેલ અને શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ તથા ૨૦૧૯-૨૦ માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટેની ફી જાહેર કરવામાં આવેલ છે.

સમિતિ દ્વારા નિર્ધારિત કરાયેલ ફીમાં ટ્યુશન ફી, લાયબ્રેરી ફી, લેબોરેટરી ફી, કોમ્પ્યુટર ફી, કોષનમની ફી, જીમખાના ફી, ઈન્ટરનેટ, યુનિવર્સિટી એફીલેશન ફી, સ્પોર્ટસ એન્ડ રીક્રીએશન, સેલ્ફ અને પર્સનાલીટી ડેવેલોપમેન્ટ ફી જેવી તમામ ફીનો સમાવેશ થાય છે. સમિતિ દ્વારા નિર્ધારિત ફી ઉપરાંત વિદ્યાર્થીએ, ફક્ત જે-તે યુનિવર્સિટીની એફિલીએશન ફી સિવાય ની ભરવાપાત્ર ફી અલગથી ભરવાની રહેશે. આ સિવાય અન્ય કોઈપણ પ્રકારની ફી કે ડીપોઝીટ વિદ્યાર્થીએ સંસ્થાને આપવાની નથી કે સંસ્થાઓ વિદ્યાર્થી પાસેથી વસૂલ કરી શકશે નહીં. કોઈપણ સંસ્થા કે સંચાલક મંડળ કાયદા વિરુદ્ધની ફી વસૂલ કરતાં માલૂમ પડશે તો કાયદાની કલમ-૧૪ મુજબ દંડને પાત્ર થશે અને સમિતિ દ્વારા આવી સંસ્થાઓ વિરુદ્ધ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેની સ્પષ્ટ નોંધ લેવી.

તા. ૧૯-૦૧-૨૦૧૮

— મેમ્બર સેક્રેટરી